સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

છીંડે ચઢે તેના માથે જ છાણાં થપાય છે,
ને ખોટા નિર્ણયો પર લીંપણ લીંપાય છે.
છૂપાય છે દોષીઓ નિર્દોષથી આડ લઈ -
ભૂલો છાવરવા મંત્રી-મંડળ ચીપાય છે...

હાઈકુ

તૂટ્યાં તળાવ -
જીએસટી - નોટબંધીનાં
હોજ સે ગઈ!
(હવે બૂંદ સે ન આવે)

લાગે છે તૂક્કો!
કાં માપનાં માથાં ને
પ્હેરાવો ટોપી -
(આલા ની માલા ને)

ચિંતન

તુમ હમ તુમ અવર ન કોઈ,
તુમ હિં સે પુરુષ હમહિં તોરી જો ॥

ઉપરોક્ત સાખી કબીર બીજકગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

ઈચ્છા સ્વરુપ ગાઈત્રી ના નારીએ ઉત્તર આપ્યો છે, જે તમે છો તે જ હું છું અને જે હું છું તે જ તમે છો, મતલબ કે બંનેનું સ્વરુપ એક જ છે.

'તુમ' શબ્દથી વિષ્ણુ અને મહેશનું પણ સૂચન થયું છે. એ બંને રજોગુણી ન હોવાથી મૌન રહ્યા અને માત્ર બ્રહ્માજીએ જવાબ આપ્યો. 'તુમ' શબ્દથી ચેતન આત્મા અને 'હમ' શબ્દથી માયાને ઓળખ્યા છે. માયા કહે છે કે આત્મા સ્વરુપી ઈચ્છા દ્વારા જે રીતે તમે ત્રણે પ્રગટ થયા છો એ રીતે અમે ત્રણ સરસ્વતી, લક્ષ્મી અને પાર્વતી પણ પ્રકટ થયાં છીએ, એથી અમારામાં અને તમારામાં ભેદ નથી.

સુવિચાર

- વિશ્વને મહાન પુરુષોની અપેક્ષા છે, મહાપુરુષના પુજારીઓ અને ખુશામતીઓની નહીં - **સ્ટીફન કોવી**
- જિંદગીનું પ્રવેશદ્વાર ખૂલે છે, ત્યારે મોત પહેલા પ્રવેશે છે પછી માણસ - **જે કૃષ્ણમૂર્તિ**
- તારી રોટી તું તારો પસીનો રેડીને કમાજે અને ખાજે - **બોધિ વૃક્ષ**
- સાજા કરવા, આશીર્વાદ આપવા અને સમૃદ્ધ થાવ - આ હેતુ માટે જ શબ્દો વાપરવા - **વિમળા ઠાકર**
- જે મનુષ્ય કશું માગવા જાય છે તે મુડદાલ છે, પરંતુ તેના પહેલા એ મરે છે જેના મોંમાંથી દાનનો ઈન્કાર નીકળે છે - **રહીમ**
- મીરાં, તુકારામ, નરસિંહ જેવી નિષ્ઠા માણસમાં આવે ત્યારે જ ઈશ્વર પ્રત્યક્ષ થાય - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : રિસામણીના મૂળનું ચૂર્ણ નવશેકા પાણી સાથે લેવાથી ઉંટાટીયામાં રાહત થાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

મદ્રાસની સાયન્સ કૉલેજમાં બીજા વર્ષમાં એક યુવાન ભણે. અંગ્રેજીના વિષય ભણાવતા પ્રોફેસર જોન્સ વ્યાકરણ તથા શબ્દશાસ્ત્રના મહારથી કહેવાય. તે ભણાવે. એકવાર યુવાન વર્ગમાં હાજર ન હતો અને એવી ચર્ચા શરુ થઈ કે અણુક શબ્દો કેવી રીતે બન્યા. અને એમનું મૂળ શું હોઈ શકે અને એનો ખરેખરો અર્થ તથા એના જેવો સમાનાર્થી શબ્દની વાતો થઈ. પ્રોફેશરે અણુક જવાબો આપ્યા પણ છતાં વર્ગમાં સમજણ કે સંતોષ ન હતો. આથી એમણે યુવાનને પૂછ્યું. બે દિવસમાં યુવાને ખાતરી આપી કે હું તમારા દરેક શબ્દો તેના મુળ અર્થ વગેરેની હકીકત હું જણાવીશ. બે દિવસ પછી યુવાન પ્રોફેશર જોન્સને મળ્યો. અને પ્રોફેશર ખૂબ રાજી થઈ ગયા. એમણે કહ્યું 'ભાઈ, તું આ તમામ બાબત એક નિબંધના રુપમાં લખીનાખ આપણે એ લંડનની 'ભાષાની વિશ્વ વિદ્યાલયમાં મોકલાવીશું.' યુવાનનું શબ્દશાસ્ત્ર ને લગતું જ્ઞાન જોઈને લંડનના ભાષા શાસ્ત્રી લોર્ડ રેલે પણ ખુશ થઈ ગયા. એમણે પણ યુવાનને અભિનંદન આપતો કાગળ લખ્યો. આ યુવાન શબ્દશાસ્ત્ર જ નહીં વિજ્ઞાનમાં પણ એટલો જ આગળ વધ્યા. અને એમણે ભૌતિક સાસ્ત્રનું નોબલ ઈનામ પણ મળ્યું.એ હતા ડૉ. સી.વી. રામન.'

પક્ષપલટાના રાજકારણને પાઠ ભણાવીએ

તંત્રીસ્થાનેથી...

કોંગ્રેસના ધારાસભ્યોને ફોડીને એક પછી એક ભારતીય જનતા પાર્ટીમાં સામેલ કરવાની પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે અને પ્રજા આ તમાશો લાચાર નજરે જોઈ રહી છે. પ્રજાએ જેમને ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારને જાકારો આપવા માટે વોટ આપેલા. હવે આગામી ચૂંટણીમાં પાછા એ જ બધા ભાજપના ઉમેદવાર બનીને પ્રજા સમક્ષ જશે. આ લોકશાહીની ક્રૂર મશ્કરી નથી તો બીજું શું છે ? પરંતુ આપણને એ કોઠે પડી ગયું છે. અગાઉ ગુજરાતમાં આવી ઘટના જવલ્લે જ બનતી અને જયારે પણ એ મોટા પાયે બની હશે ત્યારે એ પછી આવનારી ચૂંટણીમાં આવા પક્ષ પલટુઓને હરહંમેશ જાકારો જ મળતો રહ્યો છે, તે હકીકત પ્રજા ભૂલી થોડી જવાની છે? પ્રજાને કોઈ પક્ષ ન હોય. એ તો લાયકાત જોઈને જ વોટ આપતી હોય છે. કયારેક એ રાજકીય પક્ષોની સુફિયાણી વાતોથી આકર્ષાઈને એક તરફી વોટિંગ કરી બેસે છે તો કયારેક સંતુલિત વિચાર પછી સત્તા પર બેઠેલા પક્ષને એની ભૂલોનું ભાન કરાવવા હાંસિયે ધકેલી મૂકે છે. કોંગ્રેસ આજે એની ભૂલોના કારણે હાંસિયે ધકેલાઈ ગયેલી પાર્ટી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિશિષ્ટ પ્રતિભાથી અંજાયેલી પ્રજાએ દેશભરમાં એને જાકારો આપવાનો સંકલ્પ કર્યો હોય એવો આભાસ જરૂર ઊભો થયો છે. પરંતુ એનો અર્થ એવોય નહીં જ કે ફરી કયારેય એ બેઠી થઈ જ નહીં શકે. પ્રજા તો રાજા રામની પણ થઈ નહોતી. જયારે પ્રજાનું ભ્રમ નિરશન થઈ જશે ત્યારે ભવિષ્યમાં ફરી એકવાર કોંગ્રેસ સત્તા ઉપર પણ આવી શકે. અલબત્ત, પ્રજાનો વિશ્વાસ કેળવવા કોંગ્રેસે ઘણી મહેનત કરવી પડશે. અત્યારે કોંગ્રેસમાં નેતાગીરીની કટોકટી ઊભી થઈ છે બલકે કેન્દ્રીય સ્તરે એક જ પરિવારના આધારે ટકી રહેવાની નીતિ એને મોંઘી પડી ગઈ છે. હવે જો પ્રજાકીય કક્ષાનું નવું નેતૃત્વ પ્રગટે તો એની મૃતપ્રાય સ્થિતિમાં જરૂર પરિવર્તન આવી શકે. નવસર્જન માટે પૂર્વશરત એ છે કે પહેલાં જે જૂનું છે એનો નાશ થાય. સુન્દરમ્‌ની એક કવિતાનું શીર્ષક છે : 'ઘણ ઉઠાવ.' ઘણુંક ઘણું ભાગ્યા પછી કંઈક નવું સર્જન થઈ શકે. કોંગ્રેસમાં અત્યારે કદાચ આવી જ નવસર્જનની પ્રક્રિયા ચાલી રહી છે. એક સમયની રાષ્ટ્રીય પાર્ટી ઘણી જગ્યાએ તો નામશેષ થઈ ગઈ છે અને અને જયાં એની સરકારો હતી ત્યાં પણ પક્ષપલટા મારફત એને દૂર કરવાની કોશિશમાં નરેન્દ્ર મોદી અને અમિત શાહની જોડીને ધારી સફળતા સાપંડી છે. ગુજરાતમાં કોંગ્રેસ માટે ઊજળા સંજોગો વરતાઈ રહ્યા હતા ત્યારે કોંગ્રેસમાં એનાં ઝઘડતાં જૂથોએ ભંગાણ સરજતાં એ રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ ગઈ છે. ગુજરાત કોંગ્રેસના વિધાનસભા પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાને હાઈકમાંડ સાચવી ન શક્યું એથી સરજાયેલી વિકટ પરિસ્થિતિમાં કોંગ્રેસના ગઢ ગણાતા મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ચૂંટાયેલા ધારાસભ્યો સંખ્યાબંધ કાર્યકરોને સાથે લઈ ભગવા ખેસ પહેરવા લાગ્યા છે. ખરું પૂછો તો શાસક પાર્ટી માટે વખત પૂરતો વહેવારું વિજય ભલે લાગતો હોય પરંતુ નૈતિક દૃષ્ટિએ આ પ્રજાવિરોધી કૃત્ય જ ગણાશે. પ્રજા એને ચૂંટણી ટાણે કેવો પ્રતિસાદ પાઠવશે એ તો સમય જ જણાવી શકશે. ત્યાં સુધી આપણે મૂંગાં મોંએ આ ખેલ જોયા કરવાના છે.

આટલો મજબુત દરવાજો તેં ખોલ્યો કેવી રીતે?

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

કેટલાક વિદ્યાર્થીઓએ તેને સવાલ કર્યો હતો.પરીક્ષાનું છેલ્લુ પેપર પૂરું કરીને આખો કલાસ પ્રવાસે નીકળી પડયો હતો. પોતાના ગમતા પ્રોફેસરને સાથે લીધા હતા. પ્રવાસમાં મોજ-મજાને ધીંગા-મસ્તી. વિદ્યાર્થીઓએ ખૂબ આનંદ કર્યો હતો. પ્રવાસ અને વર્ગખંડના વાતાવરણની ભેદ રેખા સમજી શકે એ સાચો શિક્ષક. પ્રોફેસરે સૌને ખૂબ આનંદ કરાવ્યો હતો.

ફરતાં-ફરતાં પ્રવાસમાં એક ગુફા આવી. સૌ જોવા ટોળે વળ્યાં. એક મોટો તોતીંગ દરવાજો. કયારેય ન ખૂલે. એક વિદ્યાર્થી -અર્પિતે કહયું, 'સર, આ ભારે દરવાજો ખોલવાનું કામ એકલ દોકલ માણસનું નથી.'

બીજાએ કહયું, 'સર, આ દરવાજાને ઉઘાડવા માટે તો પાંચ છ કુશળ કારીગરો બોલાવવા પડે.'

અમુક વિદ્યાર્થીઓ દરવાજાની નજીક ગયા, પરંતુ ખોલવાની હિંમત ન કરી. કેટલાક વિધ્યાર્થીઓએ તોતિંગ દરવાજાના ફોટા લીધા.

સંજય-એક યુવાન -જેણે કોલેજમાં મોડું એડમીશન મળ્યું હતુ. અભ્યાસમાં કુશળ. તેણે દરવાજો ખોલવા માટે પ્રયત્ન કર્યો. તે દરવાજાની નજીક ગયો. બારણાનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો. પોતાની આંગળીઓ અને હાથથી દરવાજાની કળનું બરોબર નિરીક્ષણ કર્યું. ઉપર-નીચે,ચારેબાજુ પૂરતું પરીક્ષણ કર્યા બાદ તેણે જોરથી એક ધક્કો માર્યો ને દરવાજો ખૂલી ગયો ! ખરેખર, દરવાજો અંદરથી બંધ હતો જ નહિ. ખુલ્લો જ હતો. કોઈ પણ વિદ્યાર્થીએ પૂરતું નિરીક્ષણ જ નહોતું કર્યું. પ્રોફેસરે એ વિદ્યાર્થીની પીઠ થાબડતા કહયું, 'બેટા, તેં સાંભળેલી વાત પર વિશ્વાસ કરવાને બદલે જાત તપાસ કરીને ખાતરી કરવાનું ઉચિત માન્યું. તેં તારી બુધ્ધિ અને શકિતનો ઉપયોગ કર્યો. જીવનમાં તું ચોકકસ સફળતા મેળવીશ.' બીજાની વાત પર વિશ્વાસ કરવા કરતાં પોતે તપાસેલી અને સ્વયં સમજી લીધેલી વાત વધુ વિશ્વાસનીય બની શકે. જીવનમાં આગળ વધવા માટે પોતાની જ સમજ અને બુધ્ધિ જોઈએ.

લોકો પર વિશ્વાસ મૂકીને ચાલનારા પોતાના પંથ વિશે શંકાશીલ હોય છે. પોતાની મંઝિલ, પોતાનો રસ્તો, પોતાની મતિ, અને પોતાની ગતિ હોય તો જ મુસાફરીની સાચી મસ્તી માણી શકાય. ખરી વાસ્તવિકતા એ છે કે 'તુંડે તુંડે મતિર્ભિન્ના 'ને કારણે દરેકના નિરીક્ષણમાં તફાવત રહેવાનો જ !

મોટાભાગના કિસ્સામાં દરવાજાની કળ ખુલ્લી જ હોય છે. પરંતુ સ્વયં પરીક્ષણના અભાવે ખુલ્લા દરવાજાને પણ બંધ માની લેવામાં આવે છે.

કોઈકના કહેવાથી આમ કર્યું, કોઈકના કહેવાથી માની લીધુ, કોઈકના કહેવાથી આ બન્યું, આ 'કોઈકના કહેવાથી' શબ્દપ્રયોગ આત્મવિશ્વાસનો અભાવ દર્શાવે છે.

જાત તપાસ, જાત માહિતી, જાત મહેનત અને જાત અનુભવ માં વિશ્વાસ કરનારો યુવાન ગમે તે દરવાજો ખોલી શકે છે. ખુદા બંદેસે પૂછે બતા તેરી રઝા ક્યા હે , પોતાની કરમ કુંડળી જાતે રચી શકે છે.

'કોઈકના કહેવાથી' ખુલ્લા દરવાજાને બંધ માની લેવો એમાં વાંક કોનો ? માર્ગમાં આવનારા પ્રલોભનો અને સંકટોનો સામનો કરવાથી આત્મવિશ્વાસ બેવડાતો હોય છે.

જીવનપ્રવાસ દરમિયાન આવાં ઘણાય દરવાજા આવતાં હોય છે. દરેક દરવાજો નવી સમસ્યા ની સાથે નવી આશા લઈને આવે છે. તોતિંગ દરવાજાથી ગભરાઈ જવાની જરૂર નથી, પરંતુ દરવાજાને કેવી રીતે ઊઘાડી શકાય તેની મથામણ અને મનોમંથન આપણને મંઝિલ સુધી પહોંચાડે છે.

મિસરી

છે હજી બાકી ઇચ્છા? તો બોલ, બાકી તારી ઇચ્છા, બંધ મુઠ્ઠી તુ જાતે જ ખોલ, બાકી તારી ઇચ્છા.

(ડૉ. પિનાકીન પંડ્યા)

ગજબની છે ગણતરીબાજ દુનિયા જે વાતેવાતમાં વેઢા ગણે છે!

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

પ્રેક્ટિકલ થવું જોઈએ, પ્રોફેશનલ થવું જોઈએ, વ્યાવહારિક બનવું જોઈએ, અત્યારના સમયમાં સવારથી સાંજ પડતાં સુધીમાં છાશવારે ઉપરના વાક્યો આપણે સાંભળીએ છીએ. અને સંભળાવીએ છીએ.

'પ્રોફેશનલ' શબ્દનું શુદ્ધ ગુજરાતી શું છે ખબર છે ? 'સ્વાર્થી' પ્રોફેશનલ થવું એટલે સ્વાર્થી થવું. ફક્ત પોતાનો જ વિચાર કરવો. આજના સમયમાં જે વ્યક્તિ પ્રેક્ટિકલ નથી, પ્રોફેશનલ નથી, વ્યવહારિક નથી તે મૂર્ખમાં ખપે છે, એટલે તમારે તમારા હૃદયની વાત નહીં સાંભળવાની પણ મગજની ગણતરીઓ માંડવાની, સમાજમાં રહેવાનું છે, સોસાયટીમાં શ્વસવાનું છે, તેના બનાવેલા ધોરણો પ્રમાણે જ ચાલવાનું છે. તમે એમાં ફિટ ન બેસો તો ફેંકાઈ જવું પડે, મારી મચડીને પણ ફીટ થવું પડે. ડબ્બો ફાટી ગયો હોય તો પણ ઢાંકણું બંધ કરી દેવાનું. પછી ભલે આંટા દોઢે ચડી જાય અને ફરી વખત ઢાંકણું ખૂલી જ ન શકે તેવી હાલત થઈ જાય. ફિટ થવું જ પડે, નહીંતર ફાડી નાખે છે સમાજ.

જીવનમાં દરેક ક્ષેત્રમાં વ્યવહારુ વલણ અપનાવવું પડે છે, ડાહી અને શાણપણની વાત કરવાની, લોકોને ગમે તે બાબત પર અને તે કહે ત્યારે હસવાનું, સમય પ્રમાણે રોવાનું. સવારે બેસણું પતાવીને બપોરે લગ્નમાં જમવા જવાનું છે આ છે વ્યવહારિકતા. પ્રામાણિકતાનો દંભ કરીને અપ્રમાણિકતા આચરવાની.

આપણો અંતરાત્મા કહે છે કે આ ખોટું છે, પણ વ્યવહારિકતા કહે છે કે આમ જ વર્તવું પડશે. દરેક સ્થળે, સમયે તમારી મૂળ અભિવ્યક્તિને દબાવીને પ્રેક્ટિકલ બનવાનું.

ગાંધીનગરથી સરખેજ હાઈવે પર તમે સવારે ઑફિસ જવા નીકળો તો, રસ્તામાં બે સ્કૂટરની ટક્કર થઈ ગઈ, એક જણને થોડું વાગ્યું છે, તમે તેની બાજુમાંથી પસાર થઈ રહ્યા છો હૃદય તો ઘણું કહે છે કે રોકાઈને તેને કંઈ મદદ કરીએ પણ બુદ્ધિ એમ કહે છે કે પહેલા ઑફિસ જવું પડશે. ઑફિસ અવર્સ વખતે નહીં પહોંચાય તો બોસની વઢ પડશે. વળી એવું નથી કે ઑફિસમાં તેના વગર બધું અટકી જવાનું છે, પણ છતાં પ્રેક્ટિકલી ત્યાં રોકાવું યોગ્ય નથી.

ચાર રસ્તા ઉપર ટ્રાફિકના નિયમોનો ભંગ કરીએ અને પકડાઈએ પછી ટ્રાફિક હવાલદાર સાથે પતાવટ કરીએ છીએ, કારણ કે વ્યવહારિકતા એમાં જ છે પ્રામાણિકતાનો ઝંડો પકડીને ફરનારાએ બોચિયામાં ખપાવું પાલવે તેમ નથી.

દસમાં ધોરણમાં ૭૦ ટકા આવ્યા. બાળકને સાહિત્યમાં રસ છે પણ અત્યારે સાયન્સની વેલ્યુ જ વધારે છે. એન્જીનીયર, ડૉકટર જ કમાઈ શકે એમ છે. આથી બેટા! મેડિકલમાં અથવા ઈજનેરી ક્ષેત્રમાં જ જવાય. બી, પ્રેક્ટિકલ યાર...!

સ્કૂલમાં શિક્ષક બાળકોને ભણાવતો હોય, શાળા એ સંસ્કારનું ઘડતર આપતું મંદિર છે, બાળકને જીવનના વિવિધ પાઠ શીખવવા પણ એટલા જ જરૂરી છે, પણ કોર્સ પૂરો કરવો તે મહત્ત્વનું છે. સંસ્કારના લેશન નહીં ભણે તો ચાલશે, અલબત્ત, પ્રેક્ટિકલ એ જ છે કે કોર્સ પૂરો થવો જોઈએ. દરેક શાળાએ કોર્સ પૂરો કરવાની વ્યવહારિકતા નિભાવવાની છે. કેટલું શિખાય છે તે જોવાનું કામ તેમનું નથી.

રીલેશન મેઈન્ટેઈન કરવા પડે છે, પ્રેક્ટિકલી નિભાવવા પડે છે. કામના સંબંધ, વગર આત્મીયતાએ પણ ચિંગમની જેમ ખેંચે રાખવા પડે છે. કારણ કે પ્રેક્ટિકલી રિલેશન સારા રાખવા જરૂરી છે. જે સાથી કર્મચારી અથવા બોસ દીઠો ન ગમતો હોય અથવા તમને જેની સાથે જરા પણ બનતું નથી, તેના જન્મદિવસે સવારના પહોરમાં તેને વિશ કરવા દોડી જશું, સાથે પાછી કોઈ ગિફ્ટ લઈને જઈશું. કારણ કે આમ કરવું જરૂરી છે, તમારે તેની સાથે આખો દિવસ કામ કરવાનું છે, ભવિષ્યમાં તમારા પ્રમોશન માટે આ વ્યક્તિને તમે નિસરણી બનાવી રહ્યા છો. ખરેખર પ્રેકિટકલ જ થવું જોઈએ ! સંબંધ જાળવવા જ જોઈએ. પણ મારું માનવું છે કે સંબંધ જાળવવા પડે તેના કરતા સંબંધોને કેળવતા શીખીએ તો આવો દંભ તો ન કરવો પડે!

હવે લગ્ન માટે હૃદય-મેળાપ જરૂરી નથી, ગ્રીનકાર્ડ ધરાવતો યુવક કે યુવતી આવે તો ચટ મંગની પટ બ્યાહ થઈ જાય છે, છોકરો એન.આર.આઈ. છે. લગ્ન કરવા માટે આ સૌથી મોટું કારણ છે, પ્રેક્ટિકલી જોવા જોઈએ તો છોકરીને સારું ઘર, અમેરિકા જેવો દેશ, પૈસા, સમાજમાં પ્રતિષ્ઠા બધુ જ મળશે, પણ આત્મીયતા, પ્રેમ મળશે? પણ જવા દો ને થોડા પ્રેક્ટિકલ તો થવું જ પડે ને! અને આ બધું તો એડજસ્ટ થઈ જાય. લગ્ન પછી બધું સમુસુતરું જ થઈ જાય છે. બી પ્રેક્ટિકલ યાર... ! જીવનમાં વ્યવહારું બનવું જરૂરી છે. વધારે પડતા સંવેદનશીલ કે લાગણીશીલ વ્યક્તિને વ્યવહારું સમાજમાં ધક્કે ચડવું પડે છે. કારણ કે બહુધા જનસમુદાયે વ્યવહારિકતાને સાંગોપાગ આત્મસાત કરી લીધી છે, એવામાં અપવાદરુપ કિસ્સો જો વધારે પડતા લાગણીશીલ વ્યક્તિનો આવે તો એ બિચારો ઠોકરો જ ખાધા કરે છે.

પણ વ્યવહારિક હોવાની સાથે-સાથે હૃદયનાં ખૂણામાં એક તૃતીયાંશ જેટલા ભાગમાં સંવેદના, લાગણી, ભાવના આ બધા આઉટડેટેડ શબ્દોને પણ જગ્યા આપજો જેથી કરીને તમે સંપૂર્ણ યંત્ર-માનવની કક્ષામાં જ આવી જાય. જીવનમાં અમુક સંબંધ, અમુક કામ, અમુક નિર્ણય તો એટલીસ્ટ ભાવના, લાગણી અને સંવેદનાના આધારે મૂલવજો!

- jayuoza@gmail.com,
Mo. 9898046488

સકારાત્મક કાર્યોના બદલામાં સન્માન અવશ્ય મળે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'ફિલ્મમાં રજુ થયેલી આ સામાન્ય માણસોની કામગીરી જોઈને તેમને સલામ કરવાનું મન થઈ આવે છે.'

'આ ગામડિયા જેવા માણસો કેટલું મહાન કાર્ય ગ્રામ્ય વિસ્તારમાં કર્યું છે...'

અવસર હતો ૧૫મી ઓગસ્ટની ઉજવણીનો... ઝીઆ બેન્ડના સુરોમાં દેશભક્તિના ગીતોનું ગાન થઈ રહ્યું હતું અને બાળકો તથા ઉપસ્થિત સહુ કોઈએ રાષ્ટ્રધ્વજને સલામી આપ્યાનું ગૌરવ સૌના હૈયામાં છલકાતું હતું.

છેલ્લા સાત વર્ષોથી જાગૃત જન ટ્રસ્ટ દ્વારા ૧૫મી ઓગસ્ટની ઉજવણી કરવામાં આવે છે. ધ્વજવંદન - બાળકોની નૃત્યસ્પર્ધા અને પુરસ્કાર સાથે જ વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામ કરનારા સેવાભાવી લોકોનું સન્માન થાય છે.

જેમને એવોર્ડ અપાયા તેમાં રણછોડભાઈ સોની જેઓએ અંધજનો માટે અત્યંત મહત્વપૂર્ણ કાર્યો કર્યા છે અને પોતે પણ અંધ છે તેમને, વાંકાનેરડા ગામ જિલ્લો ગાંધીનગરના સુરેશ પુનડીયાએ અને અમદાવાદમાં છેલ્લા ૧૪ વર્ષોથી સેવારત મૂક-બધિરો માટેની સંસ્થા ઉમંગ શિક્ષણ-સંશોધન સંસ્થાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સમાજજીવનમાં સામાજિક - ધાર્મિક ક્ષેત્રે અનુદાન આપનારા દાનવીર બાબુભાઈ દેસાઈને દીવાદાંડી અવોર્ડ અપાયો હતો.

શ્રીમદ રાજચંદ્ર સેવા કેન્દ્ર સંચાલિત ઉમંગ બધિર શિક્ષણ સંશોધન કેન્દ્ર બહેરા-મૂંગા દિવ્યાંગજનો માટે આશીર્વાદરુપ કામગીરી કરી રહ્યું છે. છેલ્લા ૧૪ વર્ષથી આ સંસ્થા દિવ્યાંગો - મૂક-બધિરો માટે વિનામૂલ્યે સેવા પુરી પાડી રહી છે. સંસ્થામાં અનુભવી શિક્ષકો છે જેઓ વિદ્યાર્થીઓ માટે હોંશે હોંશે કાર્ય કરે છે પરંપરાગત ઉપરાંત આધુનિક ટેકનોલોજી સાથે અહીં શ્રેષ્ઠ શિક્ષણ આપવામાં આવે છે. મૂળ-બધિર બાળકોના મા-બાપને જ ઉત્તમ તાલીમ આપવામાં આવે છે જેથી તેઓ તેમના બાળકોને અને તેમની લાગણીને સમજી શકે.

સંસ્થાના શિક્ષિકા બ્રિન્દાબહેન નાણાવટી ૪૦ વર્ષ અગાઉ આ વિષયનો અભ્યાસ કરીને આવ્યા છે અને એમણે અહીં સંસ્થામાં જોડાઈને ઉત્તમ કાર્ય કર્યું છે. મદ્રાસ - બેંગ્લોર-કૉલકાત્તા-મુંબઈ જેવા શહેરોમાં જઈને એમણે પોતાના જેવા ૨૦ શિક્ષકો ઊભા કરી આવ્યા છે.આ સંસ્થાને જાણીતા તબીબ ડૉ. માનસેતાનું માર્ગદર્શન અને દાતાઓનું દાન સતત મળતું રહે છે. અહીં તમામ તહેવારો ઉજવાય છે અને પ્રવાસનું આયોજન થાય છે.

'ઔડા' દ્વારા પ્રાપ્ત જમીન પર નવું સંકુલ બની રહ્યું છે. સરકારી ગ્રાન્ટ વિના દાતાઓની મદદથી ચાલતી સંસ્થાની વિદ્યાર્થીની ઓ હેતલ ઠક્કર, હીરલ મકવાણા અને ભાવિ રાજપુરા અહીં દાખલ થઈ ત્યારે મૂક-બધિર હતી અને આજે તો સામાન્ય લોકોની જેમ વાતચીત કરવા સક્ષમ બની ગઈ છે. ડૉ. માનસેતા કહે છે, 'માણસને બહેરાશ કુદરત આપે છે ને એ મૂંગો સમાજની અવગણનાથી થાય છે. સમાજ મદદ કરે તો બહેરા-મૂંગા નથી રહેતા.'

જેમનું સન્માન થયું એમાં શહીદ વીર જવાનના પરિવારના શાહીદબાનુનું સન્માન કરાયું અને તેમને રૂ. ૫૧ હજારની રકમ પણ જાગૃત જન ટ્રસ્ટ દ્વારા આપવાની અહીં જાહેરાત કરવામાં આવી.

જાગૃતજનના પ્રતિનિધિઓ જાણીતા એડવોકેટ અશોક દામાણી, ઈવેન્ટ ઓર્ગેનાઈઝર હેમુ ગાંધી, વિચારક-લેખક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ સહિતના મહાનુભાવોના ચહેરા ઉપર યોગ્ય વ્યક્તિનું યોગ્ય સમયે સન્માન થયાનો આનંદ હતો.

સમાજજીવનમાં પોતાની અંદર રહેલી ઈશ્વરની બક્ષિસ જેવી શક્તિઓનું મહત્ત્વપૂર્ણ પ્રદાન કરીને જેઓએ સમાજને કાંઈક આપ્યું છે એવા વ્યક્તિઓનું જયારે સન્માન થાય ત્યારે એ સન્માન મેળવનારથી વધુ આનંદ સન્માન આપનારને થતો હોય છે. યોગ્ય વ્યક્તિનું યોગ્ય સમયે સન્માન કરવું એ સમાજની સામૂહિક જવાબદારી પણ છે.

સન્માન મેળવનારે સન્માન મળે એ માટે પરિશ્રમ નથી કર્યો હોતો પરંતુ જયારે સન્માન મળે ત્યારે પોતે કરેલા કાર્યોની સકારાત્મક નોંધ લેવામાં આવી તેનો આનંદ જરૂર થાય છે અને આવું થાય ત્યારે અજવાળા રેલાય છે.